# ગુજરાતી સાહિત્ય અકાદમી

## Gujarati Literary Academy

'Holly Cottage', 13, Ferring Close, HARROW, Middlesex HA2 0AR [U.K.]

Charity Registration No. 1087722

e.mail : editor@glauk.org

www : http://glauk.org

facebook ID : www.facebook.com/groups/glauk/

પ્રમુખ : વિપુલ કલ્યાણી
President : Vipool Kalyani

મહામંત્રી : ભદ્રા વડગામા
Secretary General : Bhadra Vadgama

## ગુજરાતી સાહિત્ય અકાદમીની 38મી વાર્ષિક સામાન્ય સભાની કાર્યસૂચિ :

**શનિવાર 20 જૂન 2015, બપોરના 2.00 વાગ્યે**

**સ્થળ : વિલ્ડસ્ટોન લાઈબ્રેરી,**

38-40 હાઈ સ્ટ્રીટ, હેરો HA3 7AE

[Nearest tube/rail Harrow & Wealdstone, Buses 140, 182, 186, 258, 340, 640, H9, H10]

### I - 38 મી વાર્ષિક સામાન્ય સભા

1. સ્વાગત : અકાદમીના પ્રમુખ સ્થાનેથી શ્રી વિપુલભાઈ કલ્યાણી
2. ગત વર્ષ દરમિયાન નિધન પામેલાં અકાદમીના સભ્યો તેમ જ અન્ય સાક્ષરો અને મહાનુભાવોને શ્રદ્ધાંજલિ : શ્રી વિપુલભાઈ કલ્યાણી
3. સભામાં હાજર ન રહી શક્નારાની ક્ષમાયાચના
4. 37મી વાર્ષિક સામાન્ય સભાની સંક્ષિપ્ત નોંધ : અકાદમીના મહામંત્રી શ્રી ભદ્રાબહેન વડગામા
5. નોંધમાંથી ઉપસ્થિત થતા મુદ્દા
6. ગત વર્ષનો હિસાબ અહેવાલ : અકાદમીના કોષાધ્યક્ષ શ્રી લાલજીભાઈ ભંડેરી
7. હિસાબનીસની નિમણૂક
8. ગત સાલનો વાર્ષિક અહેવાલ : અકાદમીના મહામંત્રી શ્રી ભદ્રાબહેન વડગામા
9. શાંતશીલા ગજ્જર સ્મૃતિ પારિતોષિક : અનિલભાઈ વ્યાસ
10. આગામી કાર્યક્રમોની જાહેરાત : આગામી કાર્યક્રમોની જાહેરાત
11. પ્રમુખશ્રીની પરવાનગીથી અન્ય બાબતો
12. આભારદર્શન : સહાયક મંત્રી વિજ્યાબહેન ભંડેરી
13. પૂર્ણાહુતિ

### II - અતિથિ વિશેષ સલિલભાઈ ત્રિપાઠીનું વક્તવ્ય

ભદ્રા વડગામા
**મહામંત્રી**
**ગુજરાતી સાહિત્ય અકાદમી**

### ગુજરાતી સાહિત્ય અકાદમીની 37મી વાર્ષિક સામાન્ય સભાની સંક્ષિપ્ત નોંધ :

**શનિવાર, 28 જૂન 2014, બપોરના 2.30 વાગ્યે**
**સ્થળ : માંધાતા યુથ એન્ડ કમ્યુનિટી ઍસોસિયેશન, વેમ્બલી**

આ સભા અપૂરતા કોરમને કારણે, આરંભે સ્થગિત કર્યા પછી, 2.40 વાગ્યે ફેર શરૂ થઈ હતી, કેમ કે કોરમ માટે જરૂરી સભ્યોની હાજરી પૂરતા પ્રમાણમાં થઈ ગઈ હતી.

1. આરંભમાં પ્રમુખ સ્થાનેથી શ્રી વિપુલભાઈ કલ્યાણીએ સૌનું સ્વાગત કરતાં પશ્ચિમમાં રહેતાં ગુજરાતીઓની 'Identity Crisis'ને અનુલક્ષી બે કાવ્યો રજૂ કર્યાં હતાં. અકાદમીનાં 37 વર્ષની હયાતી દરમિયાનની ચડઉતરનો ઉલ્લેખ કરતાં, તેમણે કહ્યું હતું કે અકાદમીનું બળ તેને મળતી હૂંફ અને સહકાર પર નભી રહ્યું છે. એ આપનારાં અકાદમીનાં સભ્યો ઉપરાંત માંધાતા જેવી સંસ્થા મોખરે છે. માંધાતાએ હંમેશ અકાદમીના કાર્યક્રમો માટે બિન મૂલ્યે જગ્યા અને સુંદર સગવડો પૂરી પાડી છે. પણ હવે જાતને તપાસવાનો સમય આવ્યો છે કેમ કે અકાદમીની આર્થિક પરિસ્થિતિ નબળી છે. પાંચસો જેટલાં સભ્યોને પહોંચી વળવા માટે હવે પોસ્ટથી પરિપત્રો મોકલવાનું નાણાભંડોળ અકાદમી પાસે નથી, અને પરિણામે ઘણાખરાં સભ્યોને હવે ઈ.મેલ દ્વારા માહિતી મોકલવામાં આવે છે. હવે એવો વખત આવ્યો છે કે જેમને પોસ્ટથી માહિતી જોઈતી હશે તેમની પાસેથી પોસ્ટેજ માટેનું વળતર લેવું પડશે.

પણ બીજી બાજુએ અકાદમીની પ્રગતિ જોરદાર થઈ રહી છે. નીરજભાઈ શાહ અને પંકજભાઈ શુક્લના સંચાલન હેઠળ, આપણી વેબ સાઈટ અને ફેસબુકની મુલાકાત લેનારાઓની સંખ્યા વધતી જાય છે. ફેસબુક સાથે 13,352 સભ્યો ઘનિષ્ઠતા ધરાવે છે અને વેબ સાઈટના 53 ઈ.મેલ સબસ્ક્રાઈબર્સ છે અને 8,000થી વધુ લોકોએ તેની મુલાકાત લીધી છે અને તેમાં આપેલી કૃતિઓની 8,718 જેટલી ફોટોકોપીઝ થઈ છે.

અકાદમી હવે ચોખંબે પહોંચી છે. ગુજરાતી ભણનારા, શીખવનારા, લખનારા અને તેની સંસ્કૃતિને પોરસાવનારાઓને બળ આપવાનું છે અને તો જ અકાદમીનું ભવિષ્ય ઊજળું બનશે.

2. ગત વર્ષ દરમિયાન નિધન પામેલાં અકાદમીના સભ્યો તેમ જ અન્ય સાક્ષરો અને મહાનુભાવોને શ્રદ્ધાંજલિ આપતાં પહેલાં જે લોકો હાલ બીમાર છે તેમની તંદુરસ્તી માટેની શુભેચ્છાઓ પ્રમુખ સાહેબે પાઠવી, જેમાં ચંદ્રકળાબહેન પટેલ, નીરુબહેન દેસાઈ, કુસુમબહેન પોપટ, કુસુમબહેન શાહ, નિઝારભાઈ કાનજી અને નાગેશભાઈ ઓડેદરાનાં નામો હતાં.

એક ખાસ શ્રદ્ધાંજલિ ઈન્દુબહેન ઘનશ્યામભાઈ પટેલને આપવા તેમની સુપુત્રી હિનાબહેન હાજર હતાં, જેમણે ખૂબ ભાવભીની રીતે તેમના માતુશ્રીને યાદ કરી, શ્રોતાઓની આંખ ભીંજવી હતી. વિપુલભાઈએ ત્રણ સ્ત્રી સંસ્થાઓના અકાદમીને મળતા સતત સહકાર વિષે બોલતાં ક્રોયડનની જાગૃતિની અગ્રગણ્ય બહેનો સ્વ. ઈન્દુબહેન પટેલ, સ્વ. શારદાદેવી પટેલ અને સ્વ. ઈન્દુબહેન ઘનશ્યામભાઈ પટેલને, શ્રાવિકા સત્સંગ મંડળનાં વિલાસબહેન ધનાણીને અને હેરો વિમેન્સ ગ્રૂપનાં નીરુબહેન દેસાઈને દાદ આપી હતી.

3. સભામાં હાજર ન રહી શક્નારાની ક્ષમાયાચનામાં મહેન્દ્રભાઈ દેસાઈ, કુસુમબહેન પોપટ, કુસુમબહેન શાહ, જ્યોતિબહેન અને રોહિતભાઈ બરોટનાં નામો હતાં.

4. અકાદમીના મહામંત્રી શ્રી ભદ્રાબહેન વડગામાએ 36મી વાર્ષિક સામાન્ય સભાની સંક્ષિપ નોંધ વાંચી સંભળાવી, જેને સ્વીકારવાનો ઠરાવ સુમનભાઈ દેસાઈએ રજૂ કર્યો અને અનિલભાઈ વ્યાસે તેને ટેકો આપ્યો હતો અને હાજર રહેલા સભ્યોએ એ માન્ય રાખ્યો હતો.

5. નોંધમાંથી ઉપસ્થિત થતા મુદ્દા નહોતા.

6. શ્રી લાલજીભાઈ ભંડેરીએ ગત વર્ષનો હિસાબ અહેવાલ રજૂ કર્યો હતો અને તેમાંથી ઉપસ્થિત થતા મુદ્દાઓના સંતોષકારક જવાબો આપ્યા હતા. એક પ્રશ્નના જવાબમાં લાલજીભાઈએ કહ્યું હતું કે હાલ અકાદમીના 498 આજીવન સભ્યો અને 21 વાર્ષિક સભ્યો, કુલ મળીને 519 સભ્યો છે. અહેવાલના સ્વીકારનો ઠરાવ સુમનભાઈ દેસાઈએ રજૂ કર્યો અને મનસુખભાઈ શાહે તેને ટેકો આપ્યો; અને સર્વાનુમત્તે તેનો સ્વીકાર થયો હતો.

7. હિસાબનીસની નિમણૂક માટે લાલજીભાઈએ મહેન્દ્રભાઈ નાગડાની સેવા ચાલુ રાખવાનો પ્રસ્તાવ મૂક્યો જેને મનસુખભાઈ શાહે ટેકો આપ્યો અને સભાએ તે માન્ય રાખ્યો હતો.

8. અકાદમીના મહામંત્રી શ્રી ભદ્રાબહેન વડગામાએ ગત સાલનો વાર્ષિક અહેવાલ વાંચી, આપણી અવનવી પ્રવૃત્તિઓનું વિગતવાર વર્ણન કહી સંભળાવ્યું. આ અહેવાલને સ્વીકારવાનો ઠરાવ ચંપાબહેન પટેલે રજૂ કર્યો અને જ્ઞાનદેવ શેઠે તેને ટેકો આપ્યો હતો; અને હાજર રહેલા સભ્યોએ એ માન્ય રાખ્યો હતો.

9. શાંતશીલા ગજ્જર સ્મૃતિ પારિતોષિક માટેની બ્રિટનના લેખકોની 2013ની સર્વ શ્રેષ્ઠ વાર્તાની પસંદગી કરવા માટેનું કાર્ય મહેન્દ્રભાઈ દેસાઈ અને અનિલભાઈ વ્યાસને સોંપાયું હતું; અને તેમણે ચિરાગ ઠક્કરની વાર્તા 'હાઉ ઈઝ લાઈફ'ને તે પ્રદાન કર્યું હતું. તેની ઘોષણા અનિલભાઈ વ્યાસે સભા સમક્ષ કરી હતી.

10. ચૂંટણીલક્ષી ઠરાવ વિપુલભાઈએ રજૂ કર્યો હતો : 'ગુજરાતી સાહિત્ય અકાદમીનાં કેટલાંક અધૂરાં કામો સરળતાએ આટોપી શકાય તેને ધ્યાનમાં લઈ, સાંપ્રત કાર્યવાહી સમિતિના દરેક હોદ્દેદાર તેમ જ સભાસદને વધુ એક સત્ર માટે ચૂંતાયેલાં જાહેર કરવાં'. આ ઠરાવ બંધારણને લક્ષમાં રાખી લેવાયેલો હોવાથી તેને સ્વીકારવાનો પ્રસ્તાવ નટુભાઈ પટેલે રજૂ કર્યો, જેને ઘણા સભ્યોએ ટેકો આપ્યો અને સર્વાનુમત્તે તેનો સ્વીકાર થયો હતો.

11. પ્રમુખશ્રીની પરવાનગીથી અન્ય બાબતોમાં

વિપુલભાઈએ જણાવ્યું કે :

11.1 સ્વ. ઈન્દુબહેન પટેલની સ્મૃતિમાં ઘનશ્યામભાઈએ 500 પાઉન્ડનું દાન કર્યું છે જે ઈન્દુબહેનની સ્ત્રીલક્ષી પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખી નારી કેન્દ્રિત સેમિનાર માટે વાપરવું.

11.2 સ્વ. બળવંત નાયકની સ્મૃતિમાં મળેલા દાનને તેમની અપ્રકાશિત કૃતિઓનાં પ્રકાશન માટે વાપરવું, જેના સંપાદનનું કામ વિપુલભાઈ તથા વલ્લભભાઈ નાંઢાએ હાથમાં લીધું છે.

11.3 સ્વ. અજય પોપટની સ્મૃતિમાં મળેલા દાનને ડાયાસ્પોરિક કવિતાનાં પ્રકાશન માટે વાપરવું, જેનું સંપાદન પંચમભાઈ શુક્લ કરે એવો ઈરાદો છે.

11.4 તે ઉપરાંત શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક'ના અકાદમી પ્રત્યેના સહકારને લક્ષમાં રાખી એક સંમેલન ગોઠવવું.

11.5 અકાદમીના 37 વર્ષથી પણ વધુ સમયના ઈતિહાસને ગ્રંથસ્થ કરવાનો પણ વિચાર છે.

અન્ય બાબતો :

11.6 અનિલભાઈ વ્યાસે ગત વર્ષ દરમિયાન અમલમાં ન મૂકાયેલા પ્રસ્તાવને આ વર્ષે અમલમાં મૂકી અન્ય ભાષાઓના સાક્ષરોને આપણી બેઠકોમાં આમંત્રિત કરવાનું સૂચન રજૂ કર્યું જેને હોદ્દેદારો જરૂર ધ્યાનમાં લેશે એવુ નક્કી થયું હતું.

11.7 અકાદમીની વેબ સાઈટ અને ફેસબુક તેમ જ ઇ.મેલ એડ્રેસને અકાદમીના લેટરહેડમાં શામિલ કરવાં.

11.8 મહામંત્રીના અહેવાલ અને ખજાનચીના હિસાબના અહેવાલને ઇ.મેલ દ્વારા સભ્યોને મોકલવા.

આગામી કાર્યક્રમોની જાહેરાત :

11.8 વિલ્ડસ્ટોન લાઈબ્રેરીમાં રાબેતા મુજબ યોજાતી 5મી જુલાઈની કાવ્યચર્યાની બેઠકમાં શ્રી મનુભાઈ કાછિયાનાં કાવ્યોનું પઠન અને વિવેચન થશે.

11.9 2 ઓગસ્ટની વર્તાવર્તુળની બેઠકમાં ભારતથી આવનાર શ્રી બળવંત જાનીની કોઈ એક વાર્તાનું વાંચન અને ચર્ચા થશે અને તે તેમણે સંપાદિત કરેલા વલ્લભભાઈ નાંઢા અને રમણભાઈ પટેલની વાર્તાઓના પુસ્તકની ચર્ચા કરાશે.

12. આભારદર્શન : સહાયક મંત્રી વિજ્યાબહેન ભંડેરીએ સૌનો યથાયોગ્ય આભાર વ્યક્ત કર્યો અને અલ્પાહાર માટે સૌને આમંત્રણ આપ્યું.

13. સભા ઠીક 4.00 વાગ્યે પૂરી થઈ.

ભદ્રા વડગામા

**મહામંત્રી**

**ગુજરાતી સાહિત્ય અકાદમી**

20 જૂન 2015